# વાઈબ્રન્ટ ઈફેક્ટ એકઝિબ્યુશન સેન્ટર તેમજ સ્વર્ણિમ પાર્કની આસપાસના માર્ગો ચકાચક બનશે

**સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટરને અનુલક્ષી નમી પડેલી તોતિંગ ડાળીઓની કટોતી : લાંબા સમયથી ઉબડ ખાબડ જોવા મળતા માર્ગની સુધારણા પણ ત્વરિત હાથ ધરવામાં આવી**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ સમિટનુ



આયોજન કરવા માટે હાલ પુરજોશમાં તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. નગરના માર્ગો ફુટપાથ અને સેન્ટ્રલ વર્જની સાથે શહેરના મુખ્યમાર્ગોનો નઝરો નયનરમ્ય બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર વિસ્તારમાં પણ આસપાસના માર્ગોનુ સરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે જયારે સેન્ટરની વોલ પર નમી પડેલી તોતિંગ વૃક્ષોની ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. સ્વર્ણિમ પાર્ક આસપાસના માર્ગોને પણ ચકાચક બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં યોજનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હાલ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગત વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટ યોજવામાં આવી ન હતી. કોરોનાના કપરા સમયગાળામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન થઈ શક્યુ ન હતુ જયારે છેલ્લા બે વર્ષથી વાઈબ્રન્ટ સમિટના અભાવે નગરમાં જાળવણી અને બ્યુટીફિકેશનના કામો પણ હાથ ધરાયા નથી ત્યારે વાઈબ્રન્ટના આયોજન વચ્ચે ટુંકા સમયગાળામાં જ તંત્ર પણ સઘળુ કામ સમયસર પુરુ કરવા માટે અત્યારથી જ કામે લાગ્યુ છે. એકબાજુ શહેરમાં તમામ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવાનુ આયોજન કરાયુ છે. જયારે શહેરના હાર્દ સમા ઘ-૪ વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને અનુલક્ષીને પણ આસપાસના બન્ને માર્ગોનુ રીસરફેસીંગ કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્ક ફરતે લોખંડની ગ્રીલને કલરકામ પણ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૧૭ માં સ્થિત એકઝિબ્યુશન સેન્ટરને અનુલક્ષીને પણ જરૂરી સફાઈ અને વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ ધરાયુ છે. જેમાં કેટલાક ઠેકાણે તો વૃક્ષોની રીતસર કટોતી કરી દેવામાં આવી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી એકઝીબ્યુશને સેન્ટરની સફાઈ તેમજ બહારના માર્ગોનુ ડામર કામ પણ શરૂ કરી દેવાયુ છે. આ ઉપરાંત સેન્ટર ફરતે સફાઈ તેમજ કમ્પાઉન્ડ વોલ પર લગાવાયેલા તારની ફેન્સીંગને પણ યોગ્ય

Vibrant GUJARAT 2022 10-12 Jan 10th Global Summit From Aatmanirbhar Gujarat to Aatmanirbhar Bharat

Sprint 2022

**વિશેષ અહેવાલ**

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજમાં વૃદ્ધ દંપત્તિનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

**૪૦ દિવસ બાદ ગ્રામ્ય વિસ્તારમાં એક સાથે બે કેસ મળતાં આરોગ્યતંત્ર ચોંક્યુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે એક સાથે બે કેસ નોંધાતા આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ દિવસ બાદ કોરોનાના કેસે દેખા દીધી છે. ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આ બે કેસ મળી આવેલ છે. અડાલજ ગામેથી દંપત્તિનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આ દંપત્તિ એક સ્થાનિક ધાર્મિક સમારોહમાં હાજર હોવાથી ત્યાં કોઈના સંપર્કમાં આવતાં તેઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે મળી આવેલા બે કેસને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક થાય તે જોવા સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લે ૧૨મી ઓક્ટો.ના રોજ કેસ નોંધાયો હતો. હવે ૪૦ દિવસ બાદ એક સાથે બે કેસ મળતાં જ તંત્રએ જિલ્લાના તમામ તબીબી અધિકારીઓને સતર્ક રહેવા જણાવ્યુ છે તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા પણ કહ્યું છે.

ગાંધીનગર શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બે કેસ સહિત છ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આ તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં મળી આવેલા કેસોને પગલે તંત્રએ પણ હવે ટેસ્ટીંગની સંખ્યા વધારી છે અને વેક્સિનેશન ઝુંબેશને સઘન બનાવવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં આ નવા નોંધાયેલા કેસોમાં વેક્સિનેશન થયેલ હોવાને કારણે હોસ્પિટલાઈઝેશન ઘટ્યુ છે. તંત્રએ પણ નવા મળેલા કેસોને પગલે સઘન સર્વેલન્સ પર વધુ ભાર મુક્યો છે.

# કોબામાં ૧૦૦ વર્ષના વૃદ્ધાએ હસતા-હસતા વેક્સિન લીધી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશન માટે હાથ ધરાયેલ હર ઘર દસ્તક અભિયાનમાં આજે



કોબા રબારીવાસમાં રહેતા ૧૦૦ વર્ષીય બાલુબા ઠાકોરે કોરોના પ્રતિકાર માટે વેક્સિનનો પ્રથમ ડોઝ હસતાં હસતાં લીધો હતો.

કોબા મેડીકલ ઓફિસર અને તેમની ટીમે તેમને વેક્સિનનો પ્રથમ ડોઝ આપ્યો હતો. શહેર જિલ્લામાં કોરોના વેક્સિન અભિયાનને સઘન બનાવવામાં આવ્યુ છે. મળેલ વિગતો મુજબ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧,૪૭૦ તો શહેરમાં ૧૪૨૦ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનના બન્ને ડોઝ લેનારાઓની સંખ્યા ૬ લાખના આંકને પાર કરી ૬,૦૬,૧૯૬ થઈ છે જયારે શહેરમાં ૨,૪૨,૬૦૪ લોકોએ બન્ને ડોઝ લઈ લીધા છે.

૧૫ ડિસેમ્બર પહેલા શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનના બન્ને ડોઝ ૧૦૦ ટકા પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે હાલ તંત્રની ટીમો કામ કરી રહી છે.

શહેરના આરોગ્યતંત્રમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૨૯ હજારથી વધુ ઘરોની મુલાકાત લેવામાં આવી છે. હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત ૩૩૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. હાલ શહેરમાં ૩૦ જેટલી ટીમો આ અભિયાનમાં કામગીરી કરી રહી હોવાનું જાણવા મળેલ છે.

# ભુપેન્દ્ર પટેલ દિલ્હી જશે ગેહલોત ગુજરાત આવશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે દિલ્હી જઈ રહ્યા છે જયારે રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોત ગુજરાત આવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવી દિલ્હીમાં સવારે ૯ થી સાંજે ૭ દરમિયાન ઉદ્યોગ વેપાર જગતના વરિષ્ટ સંચાલકો-અગ્રણીઓ સાથે બેઠકો વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ માટે બેઠકો કરનાર છે.

મુખ્યમંત્રીશ્રી વિવિધ રાષ્ટ્રોના નવી દિલ્હી સ્થિત રાજદૂતો અને ડિપ્લોમેટસને પણ ગુરૂવારે સાંજે મળશે તેઓ દિલ્હી ખાતેના રોડ શૉ માં પણ જોડાશે.

દરમિયાન રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોત આજે ગુજરાત આવી રહ્યા છે. દિગ્ગજ નેતા સ્વ. અહમદ પટેલની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ સર્વધર્મ પ્રાર્થના સભા અંકલેશ્વરમાં તેઓ હાજરી આપનાર છે. તેઓ સીધા અંકલેશ્વર પહોંચશે.

# સચિવાલયમાં હવે કર્મચારીઓએ કાર્ડ સ્વાઈપ કરી પ્રવેશ મેળવવાનો રહેશે

**કોરોના સંક્રમણ વધતાં કાર્ડ સ્વાઈપ કરવાની પ્રથા પર મનાઈ લગાવવામાં આવી હતી : કાર્ડ સ્વાઈપ કરવાની પ્રથા આજથી કાર્યરત થશે**

ગાંધીનગર, તા. ૨૪

સચિવાલય સંકુલમાં આજથી કર્મચારીઓએ પ્રવેશ માટે ઈલેક્ટ્રોનિક્સ કાર્ડ સ્વાઈપ કરીને જ પ્રવેશ મેળવવાનો રહેશે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે જારી કરેલા પરિપત્રમાં જણાવ્યા મુજબ કોરોના સંક્રમણ વધતાં કાર્ડ સ્વાઈપ કરવાની પ્રથા પર મનાઈ લગાવવામાં આવી હતી. ૩૧-૧૦-૨૧ સુધી આ પ્રતિબંધ હતો.

હવે કોરોના સંક્રમણ ઘટ્યુ છે અને તેથી પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા પછી કાર્ડ સ્વાઈપ કરવાની પ્રથા પુનઃ કાર્યાન્વીત કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. કાર્ડ સ્વાઈપ થતાં જ કર્મચારીની હાજરી અંગેની નોંધ થશે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે આ અંગેનો પરિપત્ર કરી સચિવાલયના તમામ ખાતા, ખાતાના વડાઓ, બોર્ડ નિગમના અધિકારીઓને આની જાણ કરી દીધી છે.

આમ સચિવાલયમાં હવે કર્મચારીઓની હાજરી અંગે કાર્ડ સ્વાઈપ કરવાની પ્રથા આજથી કાર્યરત થશે.

સચિવાલયના કર્મચારીઓમાં બુધવારે આખો દિવસ આ મામલે ચર્ચાઓ જામી હતી. સમર્થન અને વિરોધમાં વિવિધ દલીલો કરતા કર્મચારીઓ નજરે પડતા હતા.

# શહેરમાં ઠંડીની મોસમમાં નિખાર : પારો ૪ ડિગ્રી ગગડ્યો : તાપમાન ૧૫ ડિગ્રી

**ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ચાર ડીગ્રી ઉંચકાયો : દિવસનુ તાપમાન પણ દોઢ ડીગ્રી ઘટયુ : આગામી દિવસોમાં કાતિલ ઠંડી પડવાની સંભાવના**



ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસોથી ઠંડીનો પારો ૨૨ ડીગ્રીની આસપાસ પહોંચી જતા શિયાળીની મોસમ અદ્રશ્ય થઇ ગઇ હતી. જેના લીધે દિવસે અને રાત્રિના સમયે પણ નગરજનો હળવી ગરમીનો અહેસાસ કરતા હતા. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત નહીંવત રહ્યો હતો. જો કે આજે ફરી એકવાર ઠંડીનુ જોર વધ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ચાર ડીગ્રીના તફાવત સાથે ૧૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે નગરજનોએ વાતાવરણમાં ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. આગામી દિવસોમાં ઠંડીનુ જોર વધશે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં ફરી ઠંડીની મોસમ જામી રહી છે. લઘુત્તમ તાપમાન આજે ચાર ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ગઈકાલની સાપેક્ષમાં ચાર ડીગ્રી વધતા નગરજનોએ આજે

● અનુસંધાન પાન-૭ પર

# જુના સચિવાલયમાં વિકલાંગો માટે નવી પાંચ લીફટ મુકવામાં આવશે

ગાંધીનગર તા ૨૪

જુના સચિવાલયમાં વિકલાંગો માટે પાંચ નવી લીફટ મુકવામાં આવશે. બે બ્લોક વચ્ચે જોડાયેલી લીફટ બન્ને બ્લોકમાં આવતા મુલાકાતીઓ માટે ઉપયોગી બની રહેશે. અગાઉ પણ નવી ૩ લિફટ મુકવામાં આવી હતી. જયારે નવી ૫ લીફટ મુકવા માટે અંદાજિત રૂ ૧.૩૧ કરોડનો ખર્ચ કરાશે. જો કે લીફટ મુકવાની કામગીરીને અનુલક્ષી હજુ આઠ થી દશ મહીના જેટલો સમય લાગશે.

**અગાઉ ત્રણ બ્લોકમાં લીફટ મુકવામાં આવી હતી : આગામી આઠ મહીનામાં લીફટની કામગીરી પુર્ણ થતા મુલાકાતીઓની અવરજવર સરળ બનશે**

ગાંધીનગરના જુના સચિવાલયમાં વિવિધ વિભાગોની કચેરી કાર્યરત છે. જયારે જુના સચિવાલયમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે ત્યારે વર્ષોના અંતે પણ સચિવાલયના તમામ બ્લોકમાં હાલ લીફટની સુવિધા નથી જેના લીધે વિકલાંગ વ્યકિતઓએ સચિવાલય સંકુલના બિલ્ડીંગમાં સ્થિત કચેરીમાં જવામાં મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આ સ્થિતિને અનુલક્ષી અગાઉ બે બ્લોકને જોડતી લીફટ મુકવામાં આવી હતી. જયારે હવે વધુ પાંચ લીફટ મુકવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૩૧ કરોડનો ખર્ચ કરાશે. સચિવલાય સંકુલમાં એક બ્લોકમાંથી બીજા બ્લોકમાં જવાની વ્યવસ્થા માટે પેસેજ પણ છે. ત્યારે ઓછા ખર્ચે લીફટની સુવિધા મળી રહે તે માટે આયોજન કરાયુ છે. જયારે હવે સચિવાલય સંકુલમાં નવી લીફટ લાગી ગયા બાદ સંકુલના ૧૦ બ્લોકમાં લીફટનો ઉપયોગ કરી જઈ શકાશે જયારે સંકુલના કુલ ૧૬ બ્લોકમાં જવા માટે લીફટની સુવિધા ઉપલબ્ધ થશે. લીફટમાં વિકલાંગો વ્હીલ ચેર સાથે પ્રવેશ કરી શકે તે મુજબની વ્યવસ્થા કરાશે જયારે આગામી આઠ દસ મહીનામાં લીફટ નાંખવાનુ કામ પણ પુર્ણ કરી દેવાશે.

# ગાંધીનગર બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૨-૨૩ના હોદેદારો માટે ચુંટણી યોજાશે

**ગાંધીનગર બાર એસોસિએશનની ચુંટણીને અનુલક્ષી બેઠક યોજાઇ : ચુંટણી કમિશ્નર તેમજ સહ ચુંટણી કમિશ્નરની નિમણુંક કરાઇ : પારદર્શક રીતે ચુંટણી પ્રક્રીયા પુર્ણ થશે : પ્રમુખ લાલસિંહ ગોહીલ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૨-૨૩ ના હોદેદારોની વરણી માટે આગામી ડિસેમ્બરમાં ચુટણી પ્રક્રીયા હાથ ધરાશે. જયારે આજે ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બાર એસોસિએશનના હોદેદારોની બેઠક મળી હતી ચુંટણી પ્રક્રીયાને અનુલક્ષી આજે ઉમેદાવારોએ આખરી દિવસે ફોર્મ ભરવાની પ્રક્રીયા પુર્ણ કરી હતી.

ગાંધીનગર બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૨-૨૩ માટેના હોદેદારોને અનુલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં આજે ઉમેદવારો માટે ફોર્મ ભરવાનો આખરી દિવસ હતો. જયારે તા ૨૫ નવેમ્બરના રોજ ઉમેદવારોના ફોર્મની ચકાસણી કરવામાં આવશે. જયારે તા ૨૬ નવેમ્બર સુધીમાં ઉમેદવાર ફોર્મ પાછુ ખેંચી શકશે. જયારે આ દિવસે સાંજે ૪ કલાકે ઉમેદવારોની આખરી યાદી પણ જાહેર કરાશે. જયારે તા ૧૭ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન ચુંટણીની પ્રક્રીયા હાથ ધરાશે. બારની ચુંટણીને અનુલક્ષીને ચુંટણી કમિશ્નર તરીકે સંજયસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.

જયારે સહ ચુંટણી કમિશ્નર તરીકે તરૂણ કનુભાઈ ભાનુશાલીને જવાબદારી સોંપવામાં આવી છે. ગાંધીનગર બાર એસોસિએસનનાા નવા પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી ,સહમંત્રી ખજાનચી, લાઈબ્રેરી સેક્રેટરી, એલ આર ક, તેમજ કારોબારી સભ્યો માટે બારની ચુંટણી પ્રક્રીયા યોજાશે. ગાંધીનગર બાર એસોસિએશનની ચુંટણીને અનુલક્ષી બારના પ્રમુખ લાલસિંહ ગોહીલની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા નક્કી કરાયેલા એજન્ડા મુજબ આગામી તા ૧૭ ડિસેમ્બરના રોજ ચુંટણી યોજવાનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતુ. જયારે ચુંટણી કમિશ્નર અને સહ ચુંટણી કમિશ્નરની પણ નિમણુંક કરવામા આવી હતી. ગાંધીનગર બારની ચુંટણી પ્રક્રીયા સંપુર્ણ લોકશાહી ઢબે તેમજ નિર્વિવાદિત રીતે પુર્ણ થાય પણ બાહેંધરી આપવામાં આવી હતી. જેમાં એક બાર એક મતની મતદાર યાદી પણ બાર એસોસિએશને સુપ્રત કરી હતી. જે આગામી ચુંટણી માટે માન્ય રહેશે તેમ પણ બાર એસોસિએશનના હાલના પ્રમુખ લાલસિંહ ગોહીલે જણાંવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર તાલુકા પંચાયતની આજે બપોરે સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે સામાન્ય સભા યોજાશે. ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે તાલુકા પંચાયતના સભાખંડમાં આ બેઠક બરપોરે ૧.૩૦ કલાકે મળશે.

ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ થઈ તે પૂર્વે સામાન્ય સભાનો એજન્ડા જારી થઈ ગયો હોવાથી સામાન્ય સભા તેના નિયત સમયે મળશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળનારી સામાન્ય સભાના એજન્ડામાં ૪ મુદ્દાઓ છે. જેમાં સમિતિની મળેલ બેઠકોની કાર્યવાહી બહાલ રાખવા, ગત સામાન્ય સભાની બેઠકની કાર્યવાહી નોંધને બહાલ રાખવા ઉપરાંત ત્રિમાસિક ખર્ચના હિસાબોને બહાલી આપવાનો મુદ્દો છે.

૧૫મા નાણાંપંચના તાલુકા કક્ષાના આયોજનને પણ બહાલ રાખવાનો મુદ્દો એજન્ડામાં દર્શાવવામાં આવ્યો છે. આચારસંહિતાના અમલને લઈ આ મુદ્દા પર ચર્ચા થશે કે કેમ તે અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. જો કે તાલુકા પંચાયતે આ અંગે જિલ્લા પંચાયત પાસે માર્ગદર્શન માગ્યુ છે. મંજૂરી મળશે તો આ મુદ્દો ચર્ચામાં આવશે અન્યથા આ પછીની બેઠકમાં તે મુદ્દા લેવાશે તેમ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com